*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 0100613

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ **OMR** શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. **Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet.** |
|---|
| **01** |

# 10(G)

**(JULY, 2018)**
**(New Course)**

ay 2

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં હેતુલક્ષી પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) આર્યો............ હતા.

(A) સંગીત પ્રેમી (B) પ્રકૃતિ પ્રેમી

(C) નાટક પ્રેમી (D) નૃત્ય પ્રેમી

2) તેઓ સિંધુ ખીણની સંસ્કૃતિના સર્જક ગણાય છે. તેમણે માતૃરૂપે પાર્વતી અને પિતૃરૂપે પરમાત્મા અને શિવની પૂજાની સમજ આપી, તથા દીપ, ધૂપ અને આરતીથી પૂજા કરવાની પરંપરા આપી હતી. આ કયા લોકોની વાત છે તે નીચેનામાંથી લખો.

(A) નેગ્રીટો (B) ઓસ્ટ્રેલોઇડ

(C) દ્રવિડ (D) આર્યો

3) ભારત પ્રાચીન સમયથી કાચી તેમજ પકવેલી માટીનાં વાસણો માટે જાણીતું છે. જે દક્ષિણ ભારતના નાગાર્જુન કોંડા અને ગુજરાતના લાંઘણજમાંથી અસંખ્ય અવશેષો પ્રાપ્ત થયા છે. આવી માટીને શું કહે છે ?

(A) ઈંટ (B) પાકેલી માટી

(C) આરસપહાણ (D) ટેરાકોટા

4) નાટ્યકલા શીખવતા સંજયભાઈએ નીચેના વિધાનો બોર્ડ પર લખી વિદ્યાર્થીઓને ખોટું વિધાન શોધવા કહ્યું.

વિધાન – 1 – તે દશ્યશ્રાવ્ય માધ્યમ છે.

વિધાન – 2 – તેમાં નાટ્યલેખન અને મંચન મહત્ત્વની બાબત છે.

વિધાન – 3 – તેમાં અભિનય પ્રાણ ગણાતો નથી.

વિધાન – 4 – તે અબાલવૃદ્ધોનું મનોરંજન અને લોકશિક્ષણ કરતી પ્રાચીનકળા છે.

(A) વિધાન – 1 અને 3

(B) વિધાન – 3

(C) વિધાન – 2

(D) વિધાન – 2 અને 4

5) ભગવાન બુદ્ધના દેહાવશેષોને એક પાત્રમાં મૂકી તેના પર અર્ધગોળાકાર ઈમારતો બનાવવામાં આવે છે. આવા સ્થાપત્યો કયા નામથી જાણીતા છે ?

(A) સ્તૂપ (B) કીર્તિસ્તંભ

(C) સ્તંભલેખ (D) ગોપુરમ્

6) ગોપુરમ્ એટલે શું ?

(A) બૌદ્ધ સાધુઓના વિહાર માટેનાં સ્થળો

(B) મંદિરમાં જ્યાં મૂર્તિ રાખવામાં આવે છે તે ભાગ

(C) દક્ષિણ ભારતના મંદિરની બહાર આવેલા ઊંચા સુશોભિત દરવાજા

(D) સ્તંભો પર રચાયેલ મોટો હોલ.

7) વર્ગખંડમાં ગુજરાતના જાણીતા શિલ્પ સ્થાપત્ય મોઢેરાના સૂર્યમંદિર અંગેની એક ચર્ચા સભામાં વિદ્યાર્થીઓએ જુદા-જુદા મંતવ્યો વ્યક્ત કર્યા.

પ્રવીણ :- આ મંદિર સોલંકીવંશના રાજા ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયું હતું.

સોનલ :- સૂર્યનું પ્રથમ કિરણ ગર્ભગૃહમાં રહેલી સૂર્યની પ્રતિમાના મુકટમાં રહેલા મણિ પર પડતા સમગ્ર મંદિર ઝળહળી ઉઠતું.

વિપુલ :- આ મંદિર કાળા પેગોડા તરીકે વિખ્યાત છે.

રૂબીના :- આ મંદિરની બહાર જળકુંડમાં નાના-નાના 108 મંદિરો આવેલા છે.

આ ચર્ચામાં કોણ સાચું છે ? તે શોધો.

(A) પ્રવીણ, સોનલ અને રૂબીના

(B) માત્ર રૂબીના અને વિપુલ

(C) વિપુલ, સોનલ અને પ્રવીણ

(D) માત્ર સોનલ અને વિપુલ

8) કયા મુઘલ બાદશાહએ મહાભારત, રામાયણ, અથર્વવેદ, ભગવત્ગીતા અને પંચતંત્ર જેવા ગ્રંથોના અનુવાદ કરવા માટે એક અલગ ખાતાની સ્થાપના કરી હતી ?

(A) બાબર (B) હુમાયુ

(C) શાહજહાં (D) અકબર

9) 'તક્ષશિલા વિદ્યાપીઠ' માટે કયું વિધાન સંલગ્ન છે ?

(A) આ વિદ્યાપીઠમાંથી યુઅન-શ્વાંગ 657 ગ્રંથો લઈ ગયા હતાં.

(B) આ વિદ્યાપીઠમાં 64 વિદ્યાઓનું શિક્ષણ અપાતું હતું.

(C) અહીં મહાવિદ્યાલયમાં સાત મોટા ખંડો હતાં.

(D) અહીં વ્યાખ્યાન માટેના ત્રણસો ખંડો હતાં.

10) ભારતમાં ભાષાઓનાં ક્રમશઃ વિકાસને લીધે આપણો સાહિત્યિક વારસો ખૂબ સમૃદ્ધ બન્યો છે. ભાષાઓને લગતા નીચે મુજબના જોડકાંમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | | બ | |
|---|---|---|---|
| (A) | મુઘલકાળ દરમ્યાન વિકસેલી ભાષા | (1) | અવધી |
| (B) | ઉત્તર ભારતમાં મધ્યયુગની શરૂઆતમાં સાહિત્યની ભાષા | (2) | ફારસી |
| (C) | દિલ્લીના સુલતાનોની રાજભાષા | (3) | સંસ્કૃત |
| (D) | તુલસીદાસે રામચરિતમાનસં લખેલ ભાષા | (4) | ઉર્દુ |

(A) A - 2, B - 3, C - 4, D - 1

(B) A - 4, B - 3, C - 2, D - 1

(C) A - 3, B - 4, C - 1, D - 2

(D) A - 1, B - 2, C - 3, D - 4

11) નીચે આપેલાં જોડકાંમાં એક જોડકું સાચું નથી તે જણાવો.

(A) કવિ કમ્બલ – તમિલ ભાષામાં રામાયણમ્‌ની રચના

(B) કવિ ચંદબદરાઈ – હિન્દી સાહિત્યનો પ્રારંભિક ગ્રંથ

(C) રાજતરંગિણી – ભારતનો સર્વ પ્રથમ ઐતિહાસિક ગ્રંથ

(D) મુલ્લા દાઉદ – પદ્માવત

12) નીચે દર્શાવેલ વિધાનો પૈકી એક વિધાન સંપૂર્ણ સાચું છે.

(A) સુશ્રુતસંહિતા નામના ગ્રંથમાં 2000 ઉપરાંત વનસ્પતિઓ–ઔષધિઓનું વર્ણન છે.

(B) ચરકસંહિતા નામના ગ્રંથમાં શસ્ત્રક્રિયા માટેના ધારદાર સાધનોનો ઉલ્લેખ છે.

(C) શૂન્યની શોધ આર્યભટ્ટે કરી.

(D) ભાસ્કરાચાર્યે 'દશગીતિકા' ગ્રંથ લખ્યો.

13) ભારતમાં અજંતાની ગુફાઓ નીચેનામાંથી કયા રાજ્યમાં આવેલી છે ?

(A) મહારાષ્ટ્ર

(B) મધ્યપ્રદેશ

(C) ઓડિશા

(D) ગુજરાત

**14)** આપણા દેશનાં કયા સ્થાપત્ય પર ''સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.'' તે ઉક્તિ કંડારાયેલ છે. તો નીચેનામાંથી યોગ્ય જવાબ લખો.

(A) સૂર્યમંદિર – મોઢેરા
(B) લાલ કિલ્લો – દિલ્હી
(C) તાજમહાલ – આગ્રા
(D) બૃહદેશ્વર મંદિર – થંજાવુર

**15)** નીચે એક પ્રસિદ્ધ કિલ્લાનું વર્ણન કરેલ છે. કયા કિલ્લાની બાબત છે. તે સાચો જવાબ લખો.

વર્ણન :-

→ આ કિલ્લામાં રંગમહેલ આવેલ છે.

→ તેના બાંધકામમાં આરસ અને લાલ પથ્થરોનો ઉપયોગ થયો છે.

→ આ કિલ્લામાં મયુરાસનનું સર્જન કરાવવામાં આવ્યું હતું.

(A) ફતેહપુર સિકરીનો કિલ્લો
(B) ગોલકોંડાનો કિલ્લો
(C) લાલ કિલ્લો
(D) ચાંપાનેરનો કિલ્લો

**16)** જોડકાં જોડો.

| સ્થાપત્ય | પંક્તિ |
|---|---|
| (a) કુતુબમિનાર | (i) લાલ અને સફેદ પથ્થરોનો ઉપયોગ કુશળતા પૂર્વક થયો. |
| (b) હુમાયુનો મકબરો | (ii) ભારતમાં પથ્થરોમાંથી બનેલ સૌથી ઊંચો સ્તંભ મિનાર છે. |
| (c) તાજમહાલ | (iii) કાળા પથ્થરોમાંથી બનેલ હોવાથી 'કાળા પેગોડા' તરીકે ઓળખાય છે. |
| (d) કોણાર્કનું સૂર્યમંદિર | (iv) વિશ્વમાં સાત અજાયબીઓમાં સ્થાન ધરાવે છે. |

(A) (a - i), (b - ii), (c - iii), (d - iv)
(B) (a - ii), (b - i), (c - iii), (d - iv)
(C) (a - iii), (b - iv), (c - ii), (d - i)
(D) (a - ii), (b - i), (c - iv), (d - iii)

17) પર્યટન ઉદ્યોગથી રાજ્યને કયો લાભ થાય છે ?

(A) આર્થિક

(B) સામાજિક

(C) રાજકીય

(D) શૈક્ષણિક

18) ઉત્તર પ્રદેશના આગ્રામાં આવેલ તાજમહેલના શ્વેત સંગેમરમર(આરસ) ઝાંખા અને પીડા પડી રહ્યાં હતા તેનું શું કારણ હતું ?

(A) ભૂમિ પ્રદૂષણ

(B) જળ પ્રદૂષણ

(C) વાયુ પ્રદૂષણ

(D) ધ્વનિ પ્રદૂષણ

19) દુનિયામાં ભાગ્યે જ એક કે બે સ્થળે મળતું સંસાધન કયું છે ?

(A) સર્વસુલભ સંસાધન (B) વિરલ સંસાધન

(C) સામાન્ય સુલભ સંસાધન (D) એકલ સંસાધન

20) વન્યપ્રાણી અભ્યારણ બાબતે કઈ હકીકત સાચી છે ?

(A) અભ્યારણ્યોમાં માનવીના હરવા-ફરવા પર પ્રતિબંધ હોય છે.

(B) અભ્યારણ્યોમાં ચોક્કસ મર્યાદામાં માનવ પ્રવૃત્તિઓને અનુમતિ અપાય છે.

(C) અભ્યારણ્યોમાં કોઈપણ વ્યક્તિ પશુચારણ કરાવી શકતી નથી.

(D) ગુજરાતમાં એકપણ અભ્યારણ્ય નથી.

21) ગુજરાતના જંગલોમાંથી લુપ્ત થયેલો વન્યજીવ કયો ?

(A) વાઘ (B) ઘૂડખર

(C) રીંછ (D) દીપડા

22) નીચેનામાંથી કયા મસાલા પાકમાં ગુજરાત રાજ્ય પ્રથમ ઉત્પાદક રાજ્ય છે ?

(A) મેથી (B) ધાણા

(C) ઈસબગુલ (D) સરસવ

23) નીચેનામાંથી કયો પાક બાગાયતી નથી ?

(A) રબર (B) ચા

(C) સરસવ (D) કૉફી

24) ભારતની ખેતીના પાક વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) કૉફીના છોડ પર સીધો પ્રકાશ ન પાડવો જોઈએ.

(B) ભારતના કેરલ, કર્ણાટક અને તમિલનાડુ રાજ્યોમાં નાળિયેરના બગીચા છે.

(C) શેરડીમાંથી ખાંડ, ખાંડસરી અને ગોળ બને છે.

(D) ચણા, વટાણા, મસૂર વગેરે ખરીફ પાક છે.

25) નીચે દર્શાવેલ ભારતના રાજ્યો અને તેમાં થતાં પાક આપેલ છે. આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

| રાજ્ય | પાક |
|---|---|
| (a) હિમાચલ પ્રદેશ | (1) ઘઉં |
| (b) મધ્ય પ્રદેશ | (2) સરસવ |
| (c) રાજસ્થાન | (3) મકાઈ |
| (d) પંજાબ | (4) સફરજન |

(A) (a - 1), (b - 2), (c - 3), (d - 4)

(B) (a - 4), (b - 3), (c - 2), (d - 1)

(C) (a - 2), (b - 1), (c - 4), (d - 3)

(D) (a - 3), (b - 4), (c - 1), (d - 2)

26) પૃષ્ઠીય જળનો મુખ્ય સ્ત્રોત કયો છે ?

(A) તળાવો (B) વૃષ્ટિ

(C) નદીઓ (D) સરોવરો

27) ભારતની નદી અને તેના પરની બહુહેતુક યોજના આપેલ છે. તો તેમાં કઈ જોડી સાચી નથી ?

(A) સતલુજ નદી - ભાખરા-નાંગલ

(B) તાપી નદી - ઉકાઈ યોજના

(C) મહાનદી - નાગાર્જુન સાગર

(D) સાબરમતી નદી - ધરોઈ યોજના

28) નીચેની બહુહેતુક યોજનાઓને તેમના સ્થાનના આધારે ઉત્તર દિશાથી દક્ષિણ દિશા તરફ ગોઠવતાં કયો વિકલ્પ સાચો જણાય છે ?

(A) ચંબલખીણ, ભાખરા-નાંગલ, નર્મદાખીણ, નાગાર્જુન સાગર

(B) ભાખરા-નાંગલ, નાગાર્જુન સાગર, નર્મદાખીણ, ચંબલખીણ

(C) નાગાર્જુન સાગર, નર્મદાખીણ, ચંબલખીણ, ભાખરા-નાંગલ

(D) ભાખરા-નાંગલ, ચંબલખીણ, નર્મદાખીણ, નાગાર્જુન સાગર

29) વિશ્વમાં અબરખના ઉત્પાદનમાં .......... દેશ પ્રથમ સ્થાન ધરાવે છે.

(A) ઈંગ્લેન્ડ (B) ભારત

(C) ચીન (D) અમેરિકા

30) બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરની એક શાળા ધોરણ 10 ના વિદ્યાર્થીઓને બાયોગેસ પ્લાન્ટનું નિદર્શન કરાવવા ઈચ્છે છે. તો તે સૌથી નજીકનું કયું સ્થળ પસંદ કરશે ?

(A) મેથાણ (B) ઉન્દ્રેલ

(C) દાંતીવાડા (D) ધુવારણ

31) ભારતનું કયું નગર ''સિલિકોન વેલી'' તરીકે જાણીતું બન્યું છે ?

(A) જયપુર (B) દિલ્લી

(C) નાગપુર (D) બેંગાલુરુ

32) નીચેનામાંથી ભારતના કૃષિ આધારિત કાપડ ઉદ્યોગની કઈ જોડી સાચી નથી ?

(A) રેશમી કાપડ – જમ્મુ-કશ્મીર

(B) શણ કાપડ – આંધ્રપ્રદેશ

(C) સુતરાઉ કાપડ – હરિયાણા

(D) ઊની કાપડ – પંજાબ

33) હું કોણ છું ? મને ઓળખો.

હું દિબ્રૃગઢથી કન્યાકુમારીને જોડતો ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છું.

(A) કર્ણાવતી એક્સપ્રેસ

(B) ગરીબરથ એક્સપ્રેસ

(C) યોગા એક્સપ્રેસ

(D) વિવેક એક્સપ્રેસ

34) ગુજરાત રાજ્યમાં સૌથી મોટું બંદર કયું છે ?

(A) વેરાવળ (B) પોરબંદર

(C) કંડલા (D) હજીરા

35) ભારતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-નં. 7 સૌથી લાંબો છે. જે વારાણસીથી ..........સ્થળ સુધી જાય છે.

(A) કન્યાકુમારી (B) ચેન્નાઈ

(C) મુંબઈ (D) બેંગાલુરુ

36) વિશ્વ બેંકના ઈ.સ. 2004 ના અહેવાલ મુજબ માથાદીઠ આવક કેટલા ડોલર ($) થી ઓછી હોય તો તે વિકાસશીલ દેશ કહેવાય ?

(A) 480 $ (B) 735 $

(C) 250 $ (D) 580 $

37) શ્રી કિશનભાઈ વિશ્વના દેશોના અર્થતંત્રના લક્ષણો વિશે ચર્ચા કરતા હતાં. તેમાં એક દેશનાં લક્ષણો નીચે પ્રમાણેના છે. તો તે કેવા પ્રકારનું અર્થતંત્ર હશે ?

લક્ષણો

→ દેશની વસ્તી વૃદ્ધિનો દર 2.5 ટકા છે.

→ દેશના લોકોની માથાદીઠ આવક 500 ડોલર છે.

→ રાષ્ટ્રીય આવકમાં ખેતીનો હિસ્સો 22 ટકા છે.

→ ટેક્નોલોજીનો વિકાસ ઓછો છે.

(A) વિકાસશીલ અર્થતંત્ર (B) વિકસિત અર્થતંત્ર

(C) મિશ્ર અર્થતંત્ર (D) સામ્યવાદી અર્થતંત્ર

38) ભારત સરકારે 'વાયુ પ્રદૂષણ નિયંત્રણ ધારો' કઈ સાલમાં પસાર કર્યો ?

(A) ઈ.સ. 1951 (B) ઈ.સ. 1961

(C) ઈ.સ. 1981 (D) ઈ.સ. 1991

39) વિશ્વ વ્યાપાર સંગઠન (W.T.O.) નું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

(A) લંડન (B) જીનીવા

(C) કોલકત્તા (D) ન્યુયોર્ક

40) મહિલા સશક્તિકરણ, કૌશલ્યવર્ધન તાલીમ, સ્વરોજગારી અને બજાર સાથે જોડાણ કરવાનો હેતુ કઈ સરકારી યોજનામાં રાખવામાં આવ્યો છે ?

(A) પ્રધાનમંત્રી જીવનજ્યોતિ યોજના

(B) મિશનમંગલમ્ યોજના

(C) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના

(D) ઍગ્રો બિઝનેસ પૉલીસી - 2016

41) નીચેનું વર્ણન ધ્યાનથી વાંચો.

''જેમને બે ટંક પૂરતું ભોજન મળતું ન હોય, રહેવા માટે મોકળાશવાળી જગ્યા ન હોય, નિર્ધારિત અપેક્ષિત આવક ઓછી હોય, જેઓ મુખ્યત્વે નિરક્ષર હોય છે. તેમનું સરેરાશ આયુષ્ય દર ઓછો હોય છે.''

આ કેવા પ્રકારના લોકો ગણાય ?

(A) ઔદ્યોગિક બેરોજગારો

(B) ખેતમજૂરો

(C) શિક્ષિત બેરોજગારો

(D) તમામ પ્રકારના ગરીબી રેખાની નીચે જીવતા લોકો

42) 15 મી માર્ચનો દિવસ ભારતમાં કયા દિવસ તરીકે ઉજવાય છે ?

(A) ગ્રાહક અધિકાર દિન (B) વિશ્વ ગ્રાહક દિન

(C) ગ્રાહક જાગૃતિ દિન (D) ગ્રાહક સુરક્ષા આયોગ

43) ગ્રાહક શિક્ષણ-જાગૃતિ માટે કયું સામયિક બહાર પડે છે ?

(A) ગ્રાહક જાગૃત મંચ (B) ગ્રાહક શિક્ષણ

(C) ઈન સાઈટ (D) કન્ઝ્યુમર એક્ટ

44) જિલ્લા ફોરમ (જિલ્લા મંચ) માં ગ્રાહકને થયેલ નુકશાન કેટલા લાખ રૂા. સુધીના દાવા સ્વીકારાય છે ?

(A) રૂા. 20 લાખ (B) રૂા. 30 લાખ

(C) રૂા. 40 લાખ (D) રૂા. 15 લાખ

45) ભારત સરકારે ભાવસપાટીને સ્થિર રાખવા માટે કયો ધારો અમલમાં મૂક્યો ?

(A) આવશ્યક ચીજવસ્તુઓનો ધારો - 1981

(B) આવશ્યક ચીજવસ્તુઓનો ધારો - 1950

(C) આવશ્યક ચીજવસ્તુઓનો ધારો - 1955

(D) આવશ્યક ચીજવસ્તુઓનો ધારો - 1975

46) સરકાર દ્વારા કઈ પેદાશોના ભાવો નિર્ધારિત થાય છે ?

(A) શાકભાજી (B) દાક્તરી સારવાર

(C) પેટ્રોલ-ડીઝલ (D) હોટલમાં જમણ

47) મહિલા સુરક્ષા અંતર્ગત માર્ગદર્શન મેળવવા માગતી મહિલાઓને માત્ર એક જ કૉલથી મદદ મળી રહે તે માટે કઈ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે ?

(A) 108 (B) 181

(C) 104 (D) 100

48) ભારતમાં મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે કયા વર્ષને ઉજવવામાં આવેલ ?

(A) ઈ.સ. 1975 (B) ઈ.સ. 2002

(C) ઈ.સ. 1985 (D) ઈ.સ. 1999

49) ભારતના બંધારણના કયા આર્ટિકલ પ્રમાણે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે ?

(A) આર્ટિકલ 17 (B) આર્ટિકલ 46

(C) આર્ટિકલ 25 (D) આર્ટિકલ 29

50) ભારતના બંધારણની કલમ 342 પ્રમાણેની અનુસૂચિ પ્રમાણે સમાવિષ્ટ જાતિઓને ..............તરીકે ઓળખવામાં આવે છે.

(A) લઘુમતી જાતિઓ

(B) અનુસૂચિત જાતિઓ

(C) બક્ષીપંચની જાતિઓ

(D) અનુસૂચિત જનજાતિઓ

# 10(G)

(JULY, 2018)
(New Course)

## (Part - B)

*Time : 2 Hours]* **[Maximum Marks : 50**

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

### વિભાગ – A

1) સંસ્કૃતિનો અર્થ આપો. [2]

2) ''ગુપ્તયુગને કલાના સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે.'' આ વિધાન સમજાવો. [2]

અથવા

મોહેં-જો-દડોની ગટર યોજના વિશે સમજૂતિ આપો.

3) વારસાના જતન માટે આપણી ભૂમિકાનું વર્ણન કરો. [2]

4) જમીનના પ્રકાર કયા કયા છે ? (કોઈપણ ચાર નામ) [2]

5) વનસંરક્ષણના ઉપાયો વર્ણવો. [2]

## વિભાગ – B

6) કૃષિક્ષેત્રે થયેલ ટેક્‌નિકલ સુધારા સમજાવો. (કોઈપણ ચાર) [2]

અથવા

ભારતના અર્થતંત્રમાં કૃષિનું યોગદાન વર્ણવો.

7) દક્ષિણ ભારતમાં તળાવો દ્વારા ખેતી થાય છે. શા માટે ? [2]

8) માનવીને સૌ પ્રથમ ઉપયોગમાં આવેલી ધાતુ તાંબાની ઉપયોગિતા શું-શું છે ? [2]

9) સમાજવાદી અર્થવ્યવસ્થાના લક્ષણો વર્ણવો. [2]

10) આતંકવાદની સામાજિક અસરો લખો. [2]

## વિભાગ – C

11) ગુજરાતના ગરબા અને ગરબીની સમજ આપો. [3]

12) કોણાર્કનાં સૂર્યમંદિર વિશે નોંધ લખો. [3]

13) લોખંડ અને પોલાદ ઉદ્યોગ વિશે વર્ણન કરો. [3]

14) ભારતમાં બેરોજગારીના પ્રકારો સમજાવો. [3]

અથવા

વિશ્વ શ્રમ બજારનો ખ્યાલ સ્પષ્ટ કરો.

15) મહિલા સમાનતા અંગે ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ જણાવો. [3]

## વિભાગ – D

16) વાસ્તુશાસ્ત્ર વિશે ટૂંકનોંધ લખો. [5]

17) બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારની મુખ્ય જોગવાઈઓ સમજાવો. [5]

અથવા

ભ્રષ્ટાચારની વ્યાખ્યા આપો. તેને અંકુશમાં લેવાના પગલાં જણાવો.

18) નીચે આપેલા ભારતના નકશામાં આપેલ વિગતો દર્શાવો. [5]

1) જૈવ આરક્ષિત ક્ષેત્ર – સુંદરવન

2) મગફળી ઉત્પાદન કરતું એક રાજ્ય

3) ખાંડ ઉદ્યોગનું એક રાજ્ય

4) અબરખ ઉત્પાદન કરતું એક રાજ્ય

5) આંતરિક જળમાર્ગ હલ્દીયાથી અલ્હાબાદ દર્શાવો.

* **અંધ વિદ્યાર્થીઓ માટે**

1) જૈવ આરક્ષિત ક્ષેત્ર સુંદરવન કયા રાજ્યમાં આવેલું છે ?

2) મગફળી ઉત્પાદન કરતાં એક રાજ્યનું નામ આપો.

3) ખાંડ ઉદ્યોગના એક રાજ્યનું નામ આપો.

4) અબરખનું ઉત્પાદન કરતાં એક રાજ્યનું નામ આપો.

5) આંતરિક જળમાર્ગ હલ્દીયાથી અલ્હાબાદ કયા બે રાજ્યોમાંથી પસાર થાય છે ?